# ઈડરમાં નરેન્દ્ર મોદીના 'દો ગજ કી દુરી' સૂત્રના સરેઆમ ધજાગરા

## વિવાદ : ગુજરાતી સિંગર કિંજલ દવેએ ઈડરમાં સ્ટેજ પર ગીતોની રમઝટ બોલાવી, પોલીસે કાર્યક્રમ બંધ કરાવવા પડયો

બાયડ,હિંમતનગર બ્યુરો ઓફિસ તા.૧૭

વૈશ્વિક મહામારી કોરોનાના કહેરની અસર ભલે ઓછી થઈ ગઈ હોય અને કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કોરોનાવાયરસ ને લઈને વેક્સિન વિતરણ પણ આયોજન બદ્ધ થઈ રહ્યું છે પરંતુ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વખતોવખત પ્રચાર-પ્રસારના માધ્યમથી કોરોનાની મહામારી ને સંપૂર્ણપણે નાબૂદ કરવા સોશિયલ ડિસ્ટન્સિગ , દો ગજ કી દુરી સહિતની અનેક પ્રકારની માહિતી લોકો સુધી પહોંચાડવામાં આવી રહી છે વળી , કોરોના કાળથી લઈને હજી સુધી પણ મોબાઈલ ધારકો ના ફોનમાં કોરોના મહામારી અંતર્ગત કોલર ટ્યુન શરૂ રાખવામાં આવી છે તેમ છતાં કોરોના મહામારી અંતર્ગત ષ્ઠૈંદ્બૈહીજ નો સંપૂર્ણપણે અમલીકરણ થઈ રહ્યું નથી જેનો તાજો કિસ્સો સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે લોકગાયિકા કિંજલ દવે ના કાર્યક્રમ સમયે જોવા મળ્યો છે જેમાં સાબરકાંઠાના જિલ્લાના ઈડર મુકામે એક કાર્યક્રમમાં લોકગયિકા કિંજલ દવેએ ભીડ એકઠી કરી હતી અને સોશિયલ ના ધજાગરા ઉડાડ્યા હતા જેથી પોલીસે સ્ટેજ ચાલતો હતો ત્યાં દોડી ગઈ હતી અને કાર્યક્રમ બંધ કરાવ્યો હતું જેના વિડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે.



### ઈડર મામલતદારની આચાર સહિતાની ટીમને સમગ્ર મામલો ધ્યાને આવતા મને જાણ કરવામાં આવી હતી : પી.આઈ. જે. એ. રાઠવા

ઈડર - વલાસણા રોડ ઉપર આવેલા હનુમાનજી મંદિર ની સામે રોઝવેલી બંગલોઝમાં જિલ્લા મેજિસ્ટ્રેટ અને જિલ્લા કલેકટરના જાહેરનામાનો સરેઆમ ભંગ કરી સોશિયલ ડિસ્ટન્સિગના ધજાગરા ઉડાવતો મોડી રાત્રે યોજાયેલ કિંજલ દવે નો કાર્યક્રમ અંગે ઈડર પી.આઈ જે એ રાઠવાએ જણાવ્યું હતું કે, લોકગાયિકા કિંજલ દવેના સમગ્ર કાર્યક્રમ અંગે ઈડર મામલતદારની આચાર સહિતા ની ટીમને સદર કાર્યક્રમ અંગે જાણ થતાં તેમજ ઈડર મામલતદારન ટેલીફોન માધ્યમથી ફરિયાદો મળતા મને ટેલિફોનિક જાણ કરવામાં આવી હતી તેમજ પેટ્રોલિંગ દરમિયાન પોલીસ સ્ટાફને પણ આ અંગે મારું ધ્યાન દોર્યું હતું જેથી તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે રૂબરૂ મુલાકાત લઈ કાર્યક્રમની બંધ કરાવવામાં આવ્યો હતો તેમજ જાહેરનામાના ભંગ બદલ ચાર આયોજકોની અટકાયત કરી તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે વધુમાં લોકગાયિકા કિંજલ દવેની બાબતે પૂછતાં તેમણે જણાવ્યું હતું કે, પ્રસિદ્ધ ગાયિકા કિંજલ દવે આમંત્રિત મહેમાન હતા કદાચ સોશિયલ ક્કૈજંટ્ઠહષ્ઠી હ અંગે તેમને ખ્યાલ નહીં હોય પરંતુ તપાસ દરમિયાન જરૂરિયાત જણાશે તો તેમના વિરુદ્ધ પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### કિંજલ દવેનો મ્યુઝિકલ પ્રોગ્રામ દરમિયાન ઈડર પોલીસ ત્રાટકી

સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ઈડર પોલીસ મથકે નોંધાયેલી ફરીયાદ અનુસાર સાબરકાંઠા જિલ્લાના ઈડરના ઈડર - વલાસણા રોડ ઉપર આવેલા હનુમાનજી મંદિર ની સામે રોઝવેલી બંગલોઝમાં કિંજલ દવે નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો મોડી રાત્રી સુધી કાર્યક્રમ ચાલ્યો હતો પરંતુ ભીડ વધારે એકઠી થતાં ઈડર પોલીસે રેડ કરી હતી અને કાર્યક્રમને અધવચ્ચે બંધ કરાવ્યો હતો રાતના સાડા અગિયાર વાગ્યાના અરસામાં પેટ્રોલિંગ કરતી પોલીસે રોજવેલી બંગ્લોઝ તરફના રોડ ઉપર લોકોની અવરજવર હતી અને લોકો નો મેળાવડો જામ્યો હતો મકાનના બુકિંગ માટે રાખવામાં આવેલા મેળામાં કિંજલ દવેનો લાઈવ કન્સર્ટ ચાલતો હતો તેનાં માટે આયોજકોએ કોઈ મંજૂરી લીધી ન હતી હાલ કોરોના મહામારી વચ્ચે જિલ્લા મેજિસ્ટ્રેટ ના જાહેરનામાની ભંગ કર્યો હતો તેથી આયોજકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

### જાહેરનામાનો ભંગ અને એપિડેમિક એકટ મુજબ ગુનો નોંધાયો

રાજ્યમાં કોરોના ના કેસ સામે આવી રહ્યા છે ત્યારે ઈડરની રોઝવેલીમાં યોજાયેલા બુકિંગ દરમિયાનના કાર્યક્રમમાં લોકગાયિકા કિંજલ દવે ના કાર્યક્રમમાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું જેના કારણે કોરોના સંક્રમણ ફેલાવવાનો ભય રહેલો હોવાથી પોલીસે રેડ કરી હતી ત્યાં પોલીસને મોટી સંખ્યામાં એકઠા થયેલા લોકો સોશિયલ ડિસ્ટન્સ ન જળવાતા હોવાનું જણાવ્યું હતું ઉપરાંત ત્યાં હાજર લોકોએ કોરોના કાળમાં માસ્ક પણ ન પહેર્યા હોવાથી કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ના જાહેરનામાનો ભંગ કર્યો હતો જેથી ઈડર પોલીસે જાહેરનામા ભંગ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ૨૦૦૫ ની કલમ ૫ ૧ અને (બી) એપિડેમિક ડિસિઝ એક્ટની કલમ ૩ મુજબ ચાર આયોજકો સામે ફરિયાદ નોંધી હતી.

## હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એસ. જે. દેસાઈનું હૃદયરોગથી અવસાન

હિંમતનગર, તા.૧૭

અગાઉ વલસાડ જિલ્લામાં પોલીસ વિભાગમાં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા અને છેલ્લાં એક મહિના થી સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર ખાતે બદલી થઈને આવેલા એસ.જે.દેસાઈ હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે હાજર થયા હતાં.

ગતરોજ મંગળવારની રાત્રિના આશરે ૨:૩૦ કલાકના સમયગાળામાં દરમિયાન ઓચિંતા એકા એક છાતીમાં દુખાવો ઉપડતાં વિશ્રામગૃહમાં ફરજ બજાવતા કર્મચારીને મોબાઈલથી જાણ કરતા કર્મચારી તાબડતોબ મેશ્વો રૂમમાં આવી પહોંચ્યો હતાં અને પરિસ્થિતિ ગંભીર જણાતા તુર્તજ ઈમરજન્સી



સેવા ૧૦૮ ને જાણ કરતાં ડૉક્ટરની ટીમ વિશ્રામ ગૃહ ખાતે ગૃહ આવી પહોચી હતી. સારવાર દરમિયાન જ ફરજ પર હાજર તબીબની ટીમે પી.આઈ એસ.જે.દેસાઈને મૃત જાહેર કર્યા હતા.

### પ્રાંતિજ ખાતે કોરોનાનો વિસ્ફોટ

## પ્રાંતિજમાં બે ખાનગી શાળાઓમાંથી પાંચ શિક્ષકોનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો

### પાંચ શિક્ષકો કોરોના પોઝીટીવ આવતા વાલીઓ તથા અન્ય શિક્ષકોમાં ભય : આરોગ્ય તંત્ર સમગ્ર રીપોર્ટથી વંચિત

પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કોરોનાએ ફરી માથુ ઉચકયુ હોય તેમ લાગી રહ્યુ છે ત્યારે શાળાઓ ખુલ્તા જ હાલતો પ્રાંતિજમા આવેલ બે ખાનગી શાળાઓના પાંચ શિક્ષકોનો કોરોના રીપોર્ટસ પોઝીટીવ આવતા વાલીઓ તથા શાળાના અન્ય શિક્ષકોમા ભયનો માહોલ જોવા મલ્યો હતો.

પ્રાંતિજ ખાતે કોરોના એ ફરી માથુ ઉચકયુ છે અને શાળાઓ ખુલ્તા જ પ્રાંતિજ ખાતે આવેલ બે ખાનગી શાળાઓના પાંચ જેટલા શિક્ષકોનો રીપોર્ટસ કોરોના પોઝીટીવ આવતા હાલતો પ્રાંતિજ સહિત તાલુકામા ખળભળાટ મચી જવા પામ્યો છે તો આ અંગે તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. સોલંકી સાહેબને ફોન દ્વારા પુછતા તેવો જણાવ્યુ હતુ હાલતો એક પણ કેસ પ્રાંતિજમા નહી હોવાનુ જણાવ્યુ હતુ જયારે હાલ તો પ્રાંતિજમા આવેલ બે ખાનગી શાળાઓમાથી કુલ પાંચ શિક્ષકોનો કોરોના રીપોર્ટસ પોઝીટીવ મળી આવતા શાળાના શિક્ષકો સહિત વાલીઓમા ખળભળાટ મચી જવા પામ્યો છે ત્યારે સ્થાનિક તંત્ર પણ પાંચ કોરોના પોઝીટીવ કેસો વંચિત જોવા મળ્યુ હતુ.

## ઈડરમાં ભાજપે ઉમેદવારો માટે માર્ગદર્શન સેમિનાર યોજ્યો

### ચૂંટણીમાં પ્રચાર અને આયોજન દ્વારા જીત મેળવવા માર્ગદર્શન આપવામાં આવ્યુ

ઈડરના માર્કેટિંગ યાર્ડના સભા ખંડમાં ઈડરની ૨૮ તાલુકા પંચાયતના ઉમેદવારો અને ૭ જિલ્લા પંચાયતના ઉમેદવારો તથા દરેક બેઠકના ઈન્ચાર્જ અને સહ ઈન્ચાર્જને બોલાવી પોતાની સીટનો સિતાર મેરવી મતદારોને આકર્ષવા અને ભાજપ તરફી મતદાન કરાવવા માઈક્રો પ્લાનીંગ તેમજ સ્થાનિક લેવલે પાર્ટી તેમજ ઉમેદવાર ને લઈને જીતના સમીકરણો તેમજ ચૂંટણીમાં ઉમેદવારોએ કરવાના ખર્ચાઓ વિશેનું બારીકાઈથી માર્ગદર્શન ઈડર ભાજપ આગેવાન અશ્વિનભાઈ પટેલ (લાલોડા)એ ઉપસ્થિત તમામ ઉમેદવારોને આપી સર્વ સમાજમાં ભાજપ તરફી વાતાવરણ ઉભું કરવા અને જેના દ્વારા જીત મેળવવા માહિતગાર કર્યા હતા. મિટિંગમાં તાલુકા ભાજપ પ્રમુખ પ્રેમલ દેસાઈ, મહામંત્રીઓ સંગઠનના હોદેદારો , આઈ.ટી સેલના અને યુવા મોરચો તેમજ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ અને ઈડર વિધાનસભાના તાલુકા જિલ્લા ચૂંટણી પ્રભારી જયંતીભાઈ પટેલ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યુ હતુ.

## ગાંભોઈને માર્કેટયાર્ડની સુવિધા ન મળતા ગ્રામ્ય ખેડૂતોને પડતી હાલાકી

### ૩૦ વર્ષ અગાઉ ઉદ્‌ઘાટન બાદ ચાલુ ન કરતા માર્કેટયાર્ડ ખંડેર બની ગયું : ખેતીપાકના વેચાણ માટે ખેડૂતોને કરવી પડતી રઝળપાટ

ગાંભોઈ , તા.૧૭

હિમતનગર - શામળાજી ધોરી માર્ગ પર આવેલ ગાંભોઈ ગામની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોને સાંકળતું કેન્દ્રસમાન પામી છે.

ખેડૂત અગ્રણી કાંતિભાઈ પટેલ જણાવે છે કે ગાંભોઈ ગામે આ ખેતીવાડી બજાર ચાલુ ન કરાતા ખેડૂતોને ઉત્પાદિત થયેલ માટે જોખમી અને સલામત બન્યા છે. છેલ્લા ૩૦ વર્ષના વાણા વાયા બાદ ગાંભોઈ ગામે નવીન બંધાયેલ માર્કેટયાર્ડ ધૂળ ખાય છે. છતાં તેને ખેડૂતોની સુવિધા માટે



વેપારીમથક હોઈ ગાંભોઈ પંથકના સો ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં વસતા ખેડૂતોને પોતાના ખેતીપાક નજીકના બજારમાં વેચાણ કરી શકે તે હેતુથી ૩૦ વર્ષ અગાઉ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ હિંમતનગર દ્વારા ગાંભોઈ ખાતે નવીન માર્કેટયાર્ડ કરવામાં આવેલ હતું પરંતુ આ ખેતીવાડી માર્કેટયાર્ડનું ઉદ્‌ઘાટન થયા બાદ માર્કેટયાર્ડ કાર્યવંત ન કરતા ૩૦ વર્ષ અગાઉ લાખો રૂપિયાના ખર્ચે બંધાયેલ માર્કેટયાર્ડની હાલત પુરાતન ખંડેર સમાન બની જવા ઘઉ, બાજરી, મકાઈ, મગફળી, કપાસ તેમજ કઠોળ જન્ય પાકોના વેચાણ માટે પોતાના ગામથી ૩૦ થી ૪૦ કિ.મી દૂર હિંમતનગર તેમજ જિલ્લાની અન્ય ખેતીવાડી બજારોમાં ખાનગી વાહનોને ઊંચું ભાડું આપી રઝળપાટ કરવી પડે છે. જેથી ખેડૂતોના નાણાં અને સમયનો પણ વ્યય થતો હોય છે. ગાંભોઈ થી હિંમતનગર વચ્ચે વાહનોની ભારે અવરજવર વાળા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરથી ખેતીપાકના વેચાણ માટે પોતાના ટ્રેક્ટરો કાયમી લઈ જવા ખેડૂતો ચાલુ કરવા જિલ્લાના કોઈ નેતા કે સહકારી માળખાના આગેવાનો આજ દિન સુધી કોઈ પ્રયત્ન ન કરતાં આ વિસ્તારના ખેડૂતો આલમમાં રાજકીય સતાધારકો સામે ભારે રોષની લાગણી જન્મી છે. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સાથે સંકળાયેલ સહકારી અગ્રણીઓ ગાંભોઈ ગ્રામ્ય પંથકના ખેડૂતોની આ લાગણીને સમજી ખેતીવાડી બજારને ધમધમતું કરે એવી માંગ ખેડૂતવર્ગમાં વર્તાઈ રહી છે.

## પાલનપુરમાં ૪૪ બેઠકો પર ૧૩૮ ઉમેદવારો મેદાને જંગમાં

પાલનપુર નગરપાલિકાની ૧ થી ૧૧ વોર્ડની ચૂંટણીમાં ૪૪ બેઠકો માટે કુલ ૨૧૯ ફોર્મ ભરાયા હતા. જેની સોમવારે ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ૧૪૬ ફોર્મ માન્ય રહ્યા હતા. જ્યારે ૭૩ ફોર્મ અમાન્ય થયા હતા. મંગળવારે ૮ ઉમેદવારીપત્ર પરત ખેચાયા બાદ હવે ૧૩૮ ઉમેદવારો ચૂંટણી જંગમાં રહ્યા છે.

બનાસકાંઠા જિલ્લા મુખ્યાલય પાલનપુર નગરપાલિકાની ચૂંટણીમાં ૪૪ બેઠકો માટે ૨૧૯ ફોર્મ ભરાયા હતા. જેમાં પાલનપુર કલેક્ટર ઓફીસમાં સોમવારે ફોર્મ ચકાસણી કરાઈ હતી. જેમાં ૨૧૯ પૈકી ૭૩ ફોર્મ અમાન્ય રહ્યા હતા. તેમજ ૧૪૬ ફોર્મ માન્ય રહ્યા હતા.

## મેસણ ગામના આઈ ટેક્નિશયનની ગાંધીધામની હોસ્પિટલમાંથી પોલીસ દ્વારા ધરપકડ કરાઈ

### ૬ વર્ષના બાળક અને પત્નીનું ૨૫ માસનું ચડેલા ભરણ પોષણની રકમ ભરવા કોર્ટને હાથતાળી આપતા કોર્ટની લાલ આંખ

બાયડ, ઈડર તા.૧૭

ઈડર તાલુકાના મેસણ ગામના વતની અને કચ્છના ગાંધીધામના આદિપુરની રામ બાગ જનરલ હોસ્પિટલ માં આઈ ટેક્નિશિયન તરીકે નોકરી કરતા દિપક પટેલ પોતાની પત્ની અને છ વર્ષના બાળકનું ૨૫ માસનું અઢી લાખ ભરણ પોષણ ન ભરતા ઈડર કોર્ટના રિકવરી કમ ધરપક વોરંટ ના આધારે આદિપુર પોલીસે રામબાગ જનરલ હોસ્પિટલ માંથી ચાલુ નોકરીએ ધરપકડ કરી ઈડર કોર્ડ માં હાજર કરવામાં આવ્યો.

આ અંગે કચ્છ ના ગાંધીધામ ના આદિપુર પોલીસ સ્ટેશનથી મળતી માહિતી મુજબ ઈડર તાલુકાના મેસણ ગામના પટેલ દીપકકુમાર હેમાભાઈ નું લગ્ન સમાજ ના રીતરિવાજ મુજબ ચિત્રોડા ગામે આજથી ૧૧ વર્ષ અગાઉ થયેલ લગ્ન પછી સારી રીતે ચાલતા સંસાર માં એક પુત્રનો જન્મ થયેલ અને સુખી સંસાર માં દિપક ના જીવન માં અન્ય સ્ત્રી ના આગમન અને તેની સાથે લગ્ન કરવાની લાલચે એકાએક પતિ-પત્ની વચ્ચે તિરાડ પડી અને દિપક ધ્વરા પોતાની પત્ની ને રોજેરોજ મારઝૂટ કરતો અને પિયર કાઢી મુકવા રોજેરોજ ના ઝગડા કરી અન્ય જગ્યાએ લગ્ન કરી લેવા પત્ની ને દબાણ કરતો અને છૂટાછેડા લેવા પોતાના સાસરી પક્ષ ના લોકોને પણ હેરાન કરતો જેથી કંટારી પોતાની પત્નીએ ૨૦૧૮ માં હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશને ફરિયાદ કરેલી જે કેસ ચાલી જતા ઈડર કોર્ટે ધ્વરા પોતાની પત્ની નું અને ૬ વર્ષ ના બાળકનું દર મહિને દસ હજારનું ભરણ પોષણ બાંધી આપેલ જે છેલ્લા ૨૫ મહિના નું ચડેલ રકમ કોર્ટના હુકમ છતાં ભરપાઈ ન કરી કોર્ટ ને ગેરમાર્ગે દોરવાની કોશિશ કરતા ઈડર કોર્ટમાં વકીલ ભાલચંદ્ર ગઢવી ની ધારદાર દલીલો અને રજૂઆતો ના આધારે નામદાર ઈડર કોર્ટના નામદાર જજ એસ.એન.ઘાસુરા સાહેબે ગાંધીધામ ના આદિપુર પોલીસ સ્ટેશન માં દીપકકુમાર પટેલ વિરુધ્ધ માં રિકવરી અને પકડ વોરંટ મોકલતા પી.એસ.આઈ. બી.એમ.ચુડાસમાના માર્ગદર્શન હેઠળ પો.કો.મયુર ગોસ્વામી અને અન્ય સ્ટાફ સાથે આદિપુર ની જનરલ હોસ્પિટલમાં ચાલુ નોકરી દરમ્યાન ધરપકડ કરી ઈડર નામદાર કોર્ટ માં હાજર કરતા કોર્ટે એક લાખ રૂપિયા ની રકમ જમા કરાવી જામીન આપી બાકી ની ભરણ પોષણ ની રકમ આગામી ૧૬મી માર્ચની મુદતે ભરપાઈ કરવા બાંયધરી આપતા નામદાર કોર્ટે જામીન પર છોડવાનો હુકમ કર્યો હતો.

## મોટી ડેમાઈ ગામની સીમમાં વડીલોપાર્જીત જમીન ખોટા વેચાણ - દસ્તાવેજના આધારે અન્યના નામે કરી દેવાતા ચાર સામે પોલીસ ફરિયાદ

હિંમતનગર, ઈડર, તા.૧૭

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર તાલુકાના મોટી ડેમાઈ ગામના એક ખેડૂતની જમીન એની જાણ બહાર અન્ય શખ્સો. કે જેમના આ જમીનમાં કોઈ હક્ક-હિસ્સો કે ભાગ-લાગ નથી એવા ઈસમોએ એકબીજાના મેળાપણામાં અને તલાટી કમ મંત્રીના સહકારથી ખોટો વેચાણ દસ્તાવેજ ઉભો કરીને અન્ય પાર્ટીને વેચાણ આપી દેતા આ કેસ અંગે મૂળ માલિકે ગાંભોઈ પોલિસ મથકે ફરિયાદ નોંધવતાં પોલીસે ચાર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

ફરીયાદી સોમાજી મોટી ડેમાઈ ગામની સીમમાં વડીલોપાર્જીત જમીન ધરાવે છે જે જુના સર્વે નં-૫૧ પૈકી અને રીસર્વે નં-૨૦૦ ની જમીન ૨ એકર ૩૧ ગુંઠા, ૧ હેક્ટર ૧૧-૧૩ આરે નો આરોપી મોહનજી ગમાજી ખાંટ( રહે.મોટીડેમાઈ તા. હિંમતનગર) અનેજવાનજી ગમાજી ખાંટ (રહે. મોટીડેમાઈ તા.હિંમતનગર) આ જમીનના ૭/૧૨ અને ૮ (અ)ના ઉતારામાં તેમનું નામ ન હોવા છતાં કે તેમનો કોઈ હક્ક નથી તેમ છતાં બંનેએ ભેગા મળી જમીન વેચાણનો ખોટો વેચાણ દસ્તાવેજ અન્ય પાર્ટીને કરી આપતાં ખોટા દસ્તાવેજ આધારે તલાટી ક્રમમંત્રીએ નમુના નંબર-૬ ના હક્ક પત્રકની નકલમાં ૨૦/૦૨/૮૪ ના રોજ થી નોધ પાડી તલાટીક્રમ મંત્રીએ જમીન જમાલભાઈ હકીમભાઈ ઈડરીયાના નામે કરી દઈ જમીન પચાવી પાડી એકબીજાની મદદગારી કરી ગુન્હો આચર્યો હોઈ ફરિયાદ થઈ છે.

## હિંમતનગરના પ્રતિષ્ઠિત તબીબની પત્નીએ ઝેરી દવા ગટગટાવી

### તબિયત વધુ લથડતા અમદાવાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના વડા મથક હિંમતનગર શહેરના હાર્દ સમા વિસ્તારમાં ખાતે પોતાની હોસ્પિટલ ધરાવતા અને શહેરમા



પ્રતિષ્ઠિત તબીબના ધર્મ પત્નીએ કોઈ અગમ્ય કારણોસર આશરે ગત સપ્તાહે ઝેરી દવા પીધી હતી .જોકે તાત્કાલિક પતી ડોક્ટર ને આ વાત ની જાણ થતાની સાથે જ સારવારથી હોસ્પિટલમાં ખસેડી સારવાર ચાલુ કરાવી દેવામાં આવી હતી પરંતુ આ તબીબની પત્નીની તબિયત વધુ લથડતા વધુ સારવાર અર્થે અમદાવાદ ની ખાનગી હોસ્પિટલમા દાખલ કરાયા હોવાની વાત ટોક ઓફ ધી ટાઉન બની છે.

શહેરના પ્રતિષ્ઠિત તબીબને પત્ની ઝેરી દવા ગટગટાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાની વાત વાયુવેગે લોકોમાં પ્રસરી જતા ક્યા કારણસર તબીબની પત્નીએ ઝેરી દવા પીધી હશે ! એ અંગે લોકોમાં અનેક પ્રકારના તર્ક વિતર્કો સાથે લોક કુતૂહલ ભૂલ થવા પામ્યું હતું ત્યારે આ વાતનો ભાંડો ફૂટે નહિ તે માટે રાતોરાત પોતાના સગાસબંધીઓ મારફતે આ ઘટનાનું સમાધાન કર્યું હતું.

## આકરુંદ અને નવાનગર લાઈફાઈ ટેકનોલોજીથી સજ્જ સ્માર્ટ વિલેજ બન્યા

આકરુંદ અને નવાનગર લાઈફાઈ ટેકનોલોજી થી સજ્જ સ્માર્ટ વિલેજ બન્યા છે અરવલ્લી જિલ્લા ના ધનસુરા ના આકરુંદ અને નવાનગર વચ્ચે અમદાવાદ ની નવ વાયરલેસ ટેકનોલોજીએ લાઈફાઈ આધારિત ઓપ્ટિકલ વાયરલેસ સિસ્ટમ ગોઠવી જેનાથી ગામની શાળાઓ, હોસ્પિટલ,પોસ્ટ ઓફિસ અને અન્ય સરકારી કચેરી વર્તમાન ઈલેક્ટ્રિક પાવર લાઈન્સ કરતાં ઝડપી અને સુરક્ષિત ઈન્ટરનેટ મેળવશે જેને લઈ ગામના સરપંચ લલીતાબેન પટેલ, ડેપ્યુટી સરપંચ દિનેશભાઈ પટેલ અને ગ્રામ પંચાયતના સદસ્ય રાકેશભાઈ પટેલ એ આનંદ વ્યક્ત કર્યો હતો.



## ખેડબ્રહ્માના શ્યામનગર પાસે એસટી બસ અને બાઈક વચ્ચે અકસ્માત : એકનું મોત

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્માના શ્યામનગર પાસે ગતરોજ મંગળવારે એસટી બસ અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો આ અકસ્માતમાં રોડ ઉપરથી પસાર થતી એસટી બસની પાછળ બાઈક ઘુસી જતા ગમખ્વાર અકસ્માતમાં એકનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત નિપજયુ હતુ જ્યારે એક વ્યક્તિને શરીરે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી ઘટનાને પગલે લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા અને ખેડબ્રહ્મા પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી વાહન વ્યવહાર રાબેતા મુજબ કરાવી અકસ્માત અંગે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.